वर्ष : ११ सने : २०१९ सं.२०७५
अंक : ९, સળંગ અંક-૮૨ पोष जान्युआरी

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૧ સને ૨૦૧૯ સં.૨૦૭૫

અંક : ૯ જાન્યુઆરી પોષ/સળંગ અંક-૮૨



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ શ્રાવકધર્મ

★ વાંચનનું તારણ

★ પુનર્જન્મ....૨

★ કન્યાદાન

★ અનુમોદનાનું અમૃત


## આર્ષવાણી

**जह चयइ चक्कवट्टी,**

**पवित्थरं जत्तियं मुहुत्तेण।**

**न चयइ तहा अहण्णो,**

**दुब्बुद्धी खप्परं दमओ ।।**

ચક્રવર્તી જેટલા સમયમાં (બે ઘડીમાં) લાંબા-પહોળા પથારાનો ત્યાગ કરી દે છે. તેટલા સમયમાં અધન્ય અને દુર્બુદ્ધિવાળો ભિખારી ચપ્પાણિયું છોડી શકતો નથી ! (ચક્રવર્તીની ઋદ્ધિનો ત્યાગ આસાન છે, ચપ્પાણિયું છોડવું કઠિન છે.)

જ્ઞાનથી તમામ ભાવોની જાણકારી મળે છે. દર્શનથી શ્રદ્ધા થાય છે. ચારિત્રથી નવાં કર્મો અટકે છે અને તપથી આત્મા પરિશુદ્ધ થાય છે.





**- પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજ**

**ભૂમિકા :** શ્રાવક જીવનના આચારોના વર્ણન માટે જેમ ઘણા ગ્રંથો રચાયા છે, તેમ ઘણા ગ્રંથોમાં વિભાગો પણ મૂકવામાં આવ્યા છે. તે જ રીતે શ્રાવક જીવનના આચારો - કરણી વગેરે જણાવતા સ્વતંત્ર ગ્રંથોય રચાયા છે, તે જ રીતે કેટલાક ગ્રંથોમાં સ્વતંત્ર વિભાગો બતાવાયા છે. તો કેટલાક ગ્રંથોમાં કેટલાક શ્લોકો મૂકી તે તરફ અંગુલી નિર્દેશ પણ કર્યો છે. આવો એક અંગુલીનિર્દેશ''શ્રાવકધર્મ વિધિ'' બતાવવા માટે ઉપદેશમાળા ગ્રંથમાં કરવામાં આવ્યો છે. એક સંસારી પુત્ર રણસિંહના આત્મકલ્યાણ માટે રચાયેલો આ ગ્રંથ છે. રાજ્યના લોભમાં અને પાંચ ઈન્દ્રિયના વિષયમાં મસ્ત બનેલા તે પુત્રને પ્રેરણા આપતો ગ્રંથ બેશક ! બધા જ જીવો માટે ખૂબ જ ઉપયોગી છે. શ્રમણો અને શ્રાવકોઃ ઉભયને હિતકર ઘણી વાતો આ ગ્રંથમાં જોવા મળે છે. આ ગ્રંથના રચયિતા પ્રભુવીરના હાથે દીક્ષિત થયેલા ત્રણ જ્ઞાનના ધણી શ્રીધર્મદાસગણી મહારાજ છે.

ગ્રંથ એવો અદ્ભુત-અનુપમ છે કે - તે જ કાળે ઘરે ઘરે આનો રામાયણની જેમ સ્વાધ્યાય થતો. ઈતિહાસ બોલે છે કે, મહામંત્રી પેથડશા પણ આ ગ્રંથ રત્નનો રોજ સ્વાધ્યાય કરતા હતા. આજે પણ ઘણા મુનિવરો આ કંઠસ્થ કરે છે.એનો નિત્ય સ્વાધ્યાય કરે છે. એના ભાવોમાં સ્વતઃ રમે છે અને કૈંક જીવોને રમાડે છે. વ્યાખ્યાનમાંય ઘણે ઠેકાણે આ ગ્રંથ વંચાય છે.ગૃહસ્થ શ્રાવકોય કંઠસ્થ કરે છે. નિત્ય સ્વાધ્યાય કરે છે.

ઘણા વિષયોનું જ્ઞાન સંક્ષિપ્તમાં આ ગ્રંથણાં પ્રાપ્ત થાય છે. સંક્ષેપમાં હોવા છતાં મહત્ત્વનું અને વૈવિધ્યપૂર્ણ છે. ઘણો પ્રકાશ આ શ્લોકો દ્વારા પથરાય છે. પ્રભુની ૩૫ ગુણથી ભરેલી દેશનાના શ્રવણમાંથી તારવેલી વાતો આ ગ્રંથમાં સમાવેશ પામી છે. તેથી વધુ ગ્રાહ્ય બની છે. એક આગમા જેવું મહત્ત્વ ધરાવતો આ ગ્રંથ છે. નામ ઉપરથી જ ગ્રંથના વિષયોનો બોધ થઈ જાય છે. ૫૪૪ ગાથાના આ ગ્રંથના શ્રવણ - વચન - મનનમાં એટલી તાકાત છે કે, સંસાર પર કંટાળો (નિર્વેદ) આવે. મોક્ષનો જ માત્ર અભિલાષ (સવંગ) પ્રગટે અને વૈરાગ્ય ઉજાગર થાય. આ ગ્રંથના ૫૩૮મા શ્લોકમાં સરસ વાત જણાવે છે કે, જિનવચન (દ્વાદશાંગ-આગમ) એ કલ્પવૃક્ષ છે. ઈષ્ટફળને આપનાર છે. અનેક સૂત્ર અને અર્થરૂપ શાખાઓનો એ

વૃક્ષનો વિસ્તાર છે. એમાં મુનિઓરૂપ મધુકર-ભમરાઓને પ્રમોદ આપનાર તપ-નિયમરૂપી પુષ્પોના ગુચ્છ છે. સદ્‌ગતિ - મોક્ષ સ્વરૂપ ફળને આપનાર છે. અનેક મિથ્યાશાસ્ત્રોરૂપ વૃક્ષોને તુચ્છ સાબિત કરતું હોવાથી જગતમાં જય પામે છે.

આગળ વધીને ગાથા ૫૪૧માં જણાવે છે કે, આ ઉપદેશમાળા ; ઉપદેશ કરનારને તથા સાંભળનારને વિષયાસક્તિ તથા કષાયોની શાંતિ (ઉપશમ) કરનારી છે. વૈરાગ્ય તથા જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ કરનારી છે. કલ્યાણકારી છે. વિઘ્નનિવારણરૂપ મંગલને આપનારી છે. અંતે નિર્વાણ-ફળને આપનારી છે.

શાસ્ત્રકાર ગાથા ૫૩૪માં સ્પષ્ટ લખે છે કે, આ સાંભળીને જે આત્માને ધર્મમાં વિશિષ્ટ ઉત્સાહ ન જાગે, વિષયોથી વિમુખ બનવારૂપ વૈરાગ્ય ભાવ ન પ્રગટે તો તે, આત્મા અનંતસંસારી જાણવો ! મતલબ, એનો વિષયોનો વ્યાધિ અસાધ્ય છે, એમ માનવું.

આવા ગ્રંથથી માત્ર ૯ ગાથામાં મૂકેલી શ્રાવકધર્મની વાતો ઉપર અહીં વિચારણા કરીશું. આ ૯ ગાથામાં તો ઘણી વાતો ; સંક્ષેપમાં છતાં ઘણાં કર્તવ્યોનો બોધ કરાવનારી છે. પદાર્થો રજૂ કરવાની શૈલી પણ લાક્ષણિક છે ! આ ગ્રંથો પર વર્ષો સુધી પ્રવચનો કરવાં હોય તો આરામથી કરી શકાય તેટલા પદાર્થો અને ઊંડાણ આમાં છે. આ એક જ ગ્રંથ ઉપર વ્યવસ્થિત ચિંતન કરવામાં આવે તો એ ચિંતનયાત્રા ; જિંદગી સુધી ચાલ્યા જ કરે, પૂરી ન થાય. માત્ર એની પાસે પાયાનું જ્ઞાન; જેમ કે, કર્મ ગ્રંથ, પ્રકરણગ્રંથો, થોડો આગમોનો બોધ હોવો જોઈએ. એ બોધના આધારે અવગાહન ચાલ્યા જ કરે.

**શ્રાવકાચાર :** સંસારનાં બંધનોમાં ફસાયલો જીવ વૈરાગ્ય જાગૃત કરી મુનિજીવન સ્વીકારે ..... પરંતુ જ્યાં સુધી એ બંધનોને ફગાવી શ્રમણત્વ ન સ્વીકારી શકે ત્યાંસુધી ઘરમાં બેઠેલો, પરિવારાદિની મોહજાળમાં ફસાયેલો હોય ત્યાં સુધી નિર્મોહી એવા વીતરાગ પરમાત્માની ત્રિકાળ પૂજા કરે. સ્તુતિ-સ્તોત્ર વગેરેનાં માધ્યમથી એ ભક્તિ કરે. બૃહત્ચૈત્યવંદન - દેવવંદનાદિ કરે. જિનાલયમાં ધૂપ-પુષ્પ, કેસર, વાસક્ષેપાદિ સુગંધી દ્રવ્યોથી પૂજા કરે. આ બધાં કાર્યોમાં અંગપૂજા - અગ્રપૂજા અને ભાવપૂજા : ત્રણેનો યથાયોગ્ય સમાવેશ થઈ જાય છે.

આ વિધાનમાં સ્તુતિરૂપ પૂજાનો સમાવેશ થાય છે. સ્તુતિમાં બે પ્રકાર છે. એક : સ્વનિંદા....પોતાના દોષો - અવગુણો પ્રભુ પાસે પ્રગટ કરવા... પોતાની



જાતને પ્રભુ પાસે ખુલ્લી કરવી. પોતાના દોષો પર દ્વેષ પેદા કરવો... કે જેથી શીઘ્ર - એ દોષોમાંથી આપણે મુક્ત થઈ શકીએ. આપણાં પાપો - અવગુણોનો પ્રભુ પાસે સ્વીકાર કરવાનો છે. આપણે ગમે તેટલા પાપી હોઈએ....દોષોના ઉકરડા જેવા હોઈએ.... પરમાત્મા પાસે એનો એકરાર કરતાં પ્રભુને આપણા તરફ દ્વેષ ઊભો થવાનો નથી. દેવ - ગુરુ જ પાપોથી બચાવનાર છે. દોષવાળા જીવો પર દેવ અને ગુરુની વિશેષ કરુણા ઊતરે છે. એ કરુણા જ આપણને બચાવી લે છે. જેમ માતા પુત્ર પર કરુણાવાળી હોવાથી ત્યાં દોષયુક્ત બાળકનોય માતા સ્વીકાર કરે છે. માફી પણ આપે છે. એ જ રીતે કર્મ, દોષો, પાપોથી ઘેરાયેલા જીવો ભગવાન પાસે જાય છે તો,ભગવાન એને કરુણાથી નવરાવી દે છે.વાત્સલ્યથી ભીંજવી દે છે.

આચાર્ય શ્રીરત્નાકરસૂરીશ્વરજી મહારાજ જે રીતે રત્નાકર પચ્ચીશીના માધ્યમથી પોતાનાં પાપો - દોષોનો એકરાર કરે છે, તે જ રીતે આપણે પણ ત્યાં જઈને એકરાર કરવાનો છે. નિર્દંભપણે કરેલી એ રજૂઆત ચોક્કસ પાપો- દોષોથી મુક્ત બનાવે છે. બાળક બનીને ભગવાન પાસે પહોંચો , બાળકની જેમ દિલ ખોલીને વાત કરો. પાપ મુક્તિ, દોષ મુક્તિ માટે ઝાઝો સમય નહીં લાગે, હા, હવે એ પાપો, દોષો પ્રત્યે તિરસ્કારનો ભાવ પ્રગટવો જરૂરી છે. એ દોષ પર નફરતનો ભાવ નહીં હોય તો વારંવાર એ પાપ ચાલું જ રહેશે. દિલ પત્થર જેવું નિષ્ઠુર બની જશે.પત્થર દિલમાંથી ન તો પાપ રવાના થાય.... ન તો પાપવૃત્તિથી છૂટકારો થાય.

પાપ સુંવાળું હોય છે.... પાપનું પરિણામ સુંવાળું ક્યારેય નથી હોતું ! કિંપાકનાં ફળની જેમ મોહક પાપો મોતની પીડા આપે છે.... કિંપાકનું ફળ તો એક જ વાર મોત આપે છે. કર્મ - પાપો તો વારંવાર .... જરૂર પડે તો અનંતકાળ મોત અને પીડા પ્રદાન કરે છે. જન્મ - જીવન અને મૃત્યુ : ત્રણે યાતનામય હોય છે.નાનાં નાનાં દુઃખોથી ડરનારો, ભાગનારો જીવ; આવી ભયંકર -મહાયાતનાઓ સમયે ક્યાંથી સમતા રાખી શકશે ? કઈ રીતે એને સહ નકરી શકશે ? એક સામાન્ય ચાર ડીગ્રી તાવથી કાયર બની જનારો માનવ; નરકમાં જાલિમ ગરમીની વેદના અને એક સાથે ઉદયમાં આવનારા લાખો - કરોડો રોગો કઈ રીતે સહી શકશે ? ક્ષેત્રકૃત, પરસ્પર નારકીઓ દ્વારા ઊભી થતી, પરમાધામી (અસુરો) દ્વારા ઊભી કરવામાં આવતી, પોતાની જાતથી ઊભી થતી.... એમ અનેક પ્રકારની ભયાનક પીડાઓ સમયે જીવ શું કરશે ?

આવાં તો કૈં - કેટલાંય પાપોનો નિકાલ, કંઈક જન્મોમાં ઉપાર્જેલાં પાપ - કર્મનો નિકાલ માત્ર આવી અલ્પ પ્રયાસ સાધ્ય જિનભક્તિથી થઈ જતો હોય તો દુર્ગતિઓમાં અનેક જન્મો કરીને એની પીડા ભોગવવા કોણ તૈયાર થાય? ભગવાનની સ્નાત્ર (સ્નાન - અભિષેક) ની ક્રિયાથી આપણાં કર્મો ધોવાતાં હોય તો રોજ આવો અભિષેક કેમ ન કરીએ ? ભગવાનને ધૂપ ઊખેવવાથી આપણી મિથ્યાત્વાદિની દુર્ગંધ ચાલી જતી હોય તો એ માર્ગ કેમ ન સ્વીકારીએ? દેવાધિદેવને નૈવેદ્ય, મીઠાઈ ચઢાવવાથી ખાવા - પીવાની બલા હમેંશા માટે ટળી જતી હોય, અણાહારી પદ પ્રાપ્ત થઈ જતું હોય તો કયો બુદ્ધિશાળી માનવ આવો લાભ જતો કરે ?

અરિહંતની દીપકપૂજા કરવાથી જીવનમાંથી અંધકાર ગાયબ થઈ જતો હોય અને પ્રકાશ મળતો હોય તો કયો જીવાત્મા બીજા ઉપાયો કરે ? આવા તે એક એક પૂજાના લાભને ગણાવા બેસીએ પાનાં ભરાય તેમ છે. ટૂંકમાં કહીએ તો ભગવાનને આપવાનું ઓછું છે, સામે મેળવવાનું ઘણું છે. નકારાત્મક (નેગેટીવ્હ) નીકળી સકારાત્મક (પોઝીટીવ્હ) માં જવાનું છે. નુકશાનમાંથી લાભમાં આવવાનું છે. દુઃખદાયી નરકમાંથી છૂટી સુખમય સ્વર્ગમાં વિહરવાનું છે. સંસારને હમેંશ માટે અંતિમ સલામ આપીને અનંત આનંદની મોક્ષાવસ્થામાં મ્હાલવાનું છે! ભગવાન તો પોતાને મળેલું પદ તમને -આપણને આપવા તૈયાર છે. સાર એ છે કે, વ્યવસાય સાવ નાનો છે, કમાણી બહુ મોટી છે.

જગતમાં જ સ્થિતિ એવી છે કે, જે પદ બીજાને આપો તે પદ આપણને છોડવું પડે. જ્યારે ભગવાન પોતાનું પદ સાચવીને, યથાવત્ રાખીને બીજાને પદ પર બેસાડે છે ! પોતાના પદને ક્યાંય આંચ આવતી નથી. ક્યારેય નિકાચિત કર્મોનો ઉદય હોય.... એમાં પરિવર્તન શક્ય ન હોય તોય સમાધિ તો આપે જ છે! આ સમાધિ નવાં કર્મોથી તો આત્માને ચોક્કસ બચાવે છે. આગળ વધીને સદ્ગતિનું રિઝર્વેશન પણ સમાધિના યોગે સહજ થઈ જાય છે. આ બંધુ વિચારતાં એવું લાગે જ કે, જિન - ભક્તિમાં કેટલી શક્તિ છે? હજી વધુ વિચારણા કરીએ તો ત્રણ મોટા લાભ જિનભક્તિ પૂજાથી બતાવ્યા છે, કે જેમાં ઘણાં લાભો અંતર્ગત છે. (૧) ઉપસર્ગો દૂર થઈ જાય છે. (૨) વિઘ્નની વેલડીઓ છેદાઈ જાય છે. (૩) મન પ્રસન્ન બની જાય છે. મન પ્રસન્ન ક્યારે બને? માનસિક તાપ - સંતાપ ઉપજાવનારાં તમામે તમામ પરિબળો દૂર થાય ત્યારે ને? હાસ્તો, આનું અર્થઘટન એ થયું કે મનની પ્રસન્નતા માટે જરૂરી તત્ત્વોની ગેરહાજરી હાજરી થાય છે.

(ક્રમશઃ) ધ



# ★ વાંચનનું તારણ ★★★

- સંકલન

આજકાલ વિજ્ઞાન પૂરઝડપે આગળ વધી રહ્યું છે.એમાં એનાં કેટલાંક કદમ વિનાશ નોંતરનારાં છે. તેનાં કેટલાંક સંશોધન આત્મ-ઘાતક છે. બહુ જ થોડાં સંશોધન અધ્યાત્મને અનુકૂળ છે. ભૌતિક દષ્ટિએ જ હરણ ફાળ ભરી રહેલા વિજ્ઞાનની કેટલીક ઉપલબ્ધિઓ હજી અધૂરી છે. દુનિયાને અવળા રસ્તે લઈ જનારી છે. પરંતુ''વિજ્ઞાન'' શબ્દ સાંભળતા જ આમજનતા આંધળો વિશ્વાસ મૂકી દે છે. પરંતુ એ આંધળો વિશ્વાસ ઘણીવાર વિઘાતક પુરવાર થાય છે. ધર્મ અને વિજ્ઞાન વચ્ચેના સબંધને સમજવા જેવો છે. વિજ્ઞાન એકાંતે ભલે ખરાબ ન હોય પરંતુ એકાંતે હિતકર તો નથી જ. ધર્મ તો એકાંતે હિતકર - કલ્યાણકર છે. હા, આજ્ઞા પ્રમાણે હોવો જોઈએ. ધર્મ સમજવા માટે બુદ્ધિ વાપરવાની, બુદ્ધિથી ધર્મની પરીક્ષા કરીને એનો સ્વીકાર કરવાનો.... પછી માત્ર આજ્ઞા પ્રમાણે આરાધવાનો. શ્રદ્ધા પૂર્વક આરાધવાનો આજ્ઞામાં તર્ક - વિતર્ક કે અશ્રદ્ધા નહીં કરવાની.

અહીં પેપરમાંનાં બે કટીંગ રજૂ કર્યાં છે. એક કટીંગ છે : ખુલ્લા પગે ચાલવાની બાબતમાં. શ્રમણ - શ્રમણી ભગવંતોનો વિહાર આવો જ હોય છે. વિજ્ઞાનને જેનો નિર્ણય કરતાં, તાગ મેળવતાં, રહસ્ય ખોલતાં, યુગોના યુગો લાગે છે. પૈસા અને પુરુષાર્થની મોટી આવશ્યકતા ઊભી થાય છે. તે જ વાતનો નિર્ણય કેવલજ્ઞાની શ્રુતકેવલી ભગવંતો કાચી સેકંડમાં કરી દે છે, તે પણ પૈસાનાય ખર્ચ વિના !

બીજું કટીંગ છે : જીવાણું સબંધી. જ્યાં જીવો આરોગ્ય માટે અઢળક રૂપિયા વાપરીને પસીનો પાડે છે, કસરત કરે છે, તે જીમમાં જ રોગને નિમંત્રણ આપનાર બેક્ટેરિયા કેટલા હોય છે, તેની એમાં વાત છે. જો આરોગ્ય જ કથડતું હોય તો એના માટે શારીરિક - આર્થિક શ્રમ કરનારો માનવ બુદ્ધિશાળી ગણાય કે બુદ્ધુ ? અલબત્ત, જૈન શાસન તો ત્યાં સુધી માને છે કે, જે ક્રિયામાં શ્વાસોશ્વાસ વધુ વપરાય છે, તે દોડવાની, ઊંઘવાની, કસરત કરવાની વગેરે તમામ ક્રિયાઓ આયુષ્યની હાનિ કરાવે છે !

માટે બંને લેખો હંસચંચુ ન્યાયથી વાચવા - વિચારવા ભલામણ છે.

- સંપાદક

## नंगे पाव चलने से होती है तनाव की मुक्ति

**पुराने समय में लोग जितना बगैर जूतों के पैदल चलते थे, उतने ही स्वस्थ भी रहेते थे. यदि आप किसी घास के मैदान या साफ जमीन पर पैदल चल रहे है, तो चप्पलों की बजाये नंगे पैर चलने की कोशिश करें.**

आपको शायद यह याद भी नहीं होगा कि आप बगैर चप्पल जूतों के कब पैदल चले थे, और चले भी थे या नहीं. पर क्या आपने ये जानने की कोशिश की है ज्यों - ज्यों हम आज के भौतिक साधनों का उपयोग जितना अधिक कर रहे है, उतना ही ज्यादा हम बीमारियों से भी ग्रस्त होते जा रहे है. यदि आप नंगे पैर चलने के फायदे देखना चाहते है तो फिर पुराने समय को एक बार दोहरा कर देखों. इसके फायदे आपको खुद ही पता चल जाएंगे.

### नंगे पैर चलना किस तरह से फायदेमंद है

घास, रेत और मिट्टी पर बिना जूते चप्पलों का चलना काफी फायदेमंद साबित होता है. क्योंकि जमीन पर नंगे पांव चलना एक अच्छा व्यायाम माना जाता है. कई शोधों के मुताबिक, हमारे शरीर की प्रकृति बायो-ईलेक्ट्रिकल होती है. जो हमारे शरीर की सभी कोशिकाओं एवं तंत्रिका तंत्र को एक प्रकार के भीतरी विद्युत शक्ति या उर्जा के स्पंदन से संचलित करने का काम करती है. धरती का ऊर्जा चक्र शरीर के विद्युत तंत्र को अपनी ओर आकर्षित कर उस पर कूल-अनुकूल प्रभाव डालता है. जिससे हमारे स्वास्थ्य में सुधार आता है. हमारे मष्तिष्क की गतिविधि बढ जाती है. ईसके अलावा ईससे हमारे शरीर में एंटीओक्सीडेट का स्तर बढने के साथ रक्त परिसंचरण में सुधार, तनाव को कम करने लिए नंगे पैर चलना सबसे अच्छा बताया गया है.

शोधों के अनुसार, यह तथ्य भी सामने आए है कि नंगे पांव चलने से धरती की ऊर्जा पूरे शरीर में संचारित होती है और पैर का दबाव धरती पर पढ़ने से मांसपेशिंयां सक्रिय हो जाती है. इससे जोड़ों का दर्द, तनाव, अनिद्रा व दिल संबंधी समस्याएं दूर होती है. यदि आप इन सभी बिमारियों से मुक्ति पाना चाहते है तो आप रोज आधा घंटा घास, मिट्टी या रेत पर नंगे पांव चलें.

### नंगे पांव चलने के लाभ

यह पैरों की मांसपेशियों को मजबूत कर स्वास्थ्य बनता है, इससे पैरो को भरपूर ओक्सीजन मिलती है. इससे रक्त संचार बेहतर होकर घुटने और पैर मजबूत होते है जिससे थकान कम होती है. साथ ही आप तरोताजा महसूस करते है.

अधिक से अधिक समय तक नंगे पैर चलने से पैरों की ब्लोकेज गांठे ठीक हो जाती है. पुराने से पुराना सिर के दर्द, कन्धे के दर्द, घुटने के दर्द, जैसी समस्याओं से निजात मिलता है. पैरों में लचीलापन और गतिशीलता आती है.

बड़े - बुजुर्गो के लिए नंगे पांव चलना शरीर के संतुलन में सुधार लाने का सबसे अच्छा तरीका है.

नंगे पांव चलने से मांसपेशिंयो की ताकत बढ़ती है और पैरों में होने वाले दर्द जैसी बीमारी से राहत मिलती है.

### कब नहीं चले नंगे पांव

आज के समय ज्यादातर लोगों को पैरों की समस्या हो रही है, तो उस समय में आपको नंगे पांव नहीं चलना चाहिये. ऐसे में आपके डोक्टर भी एक खास प्रकार के जूते चप्पल पहनने की सलाह देते है. खासकर जब आपकी बढ़ती उम्र के कारण मांसपेशियां कमजोर होने लगती है. पैरों की मांसपेशियां शिथिल होने के कारण आप चलने फिरने में असमर्थ हो, तो ऐसे समय में आपको पत्थर कंकड से बचने के लिए नंगे पैर नहीं चलना चाहिए.

यदि आप अपने लोन में नंगे पांव पैदल चल रहे है, तो सबसे पहले उसे अच्छी तरह से साफ सुथरा कर लें और यदि गर्मी के समय में जमीन गर्म है तब आप चप्पल का उपयोग जरुर करें.

**- आज का आनंद, पूणे.**

### जीम में होते है टोयलेट सीट से भी अधिक बैक्टीरिया

नए साल में हर कोई रेजोल्यूशन (संकल्प) लेता है, जिसे वह पूरे साल निभाने की कोशिश करता है. स्वास्थ्य को लेकर सबसे ज्यादा रेजोल्यूशन लिए जाते है. लोग जिम जाने की बात करते हैं और वजन को सही अनुपात में लाने के लिए उसे ज्वाईन भी कर लेते हैं. मगर, क्या आप जानते हैं कि जिम में आप घातक वायरस से संक्रमित हो सकते हैं, क्योंकि आपके जिम में टोयलेट सीच से भी ज्यादा वायरस मौजूद होते हैं. फिट रेटेड के एक नए शोध के अनुसार, अधिकतर जिम उपकरणों में हानिकारक वायरस मौजूद होते हैं, जिनमें न्यूमोनिया और सेप्टीसीमिया

जैसे रोग हो सकते हैं. इस दौरान एक और चोंकाने वाली जानकारी सामने आई है कि जिम के तौलिया में सबले ज्यादा वायरस होते हैं. वे कुछ सबसे गंभीर त्वचा रोग का कारण बन सकते हैं. इनमें भी विशेष रूप से नया स्किन वायरस ममोलस्कम कोन्टागियोसमफ कथित तौर पर तेजी से जिम में बढ़ रहे हैं. हर्ले स्ट्रीट डर्मेटोलोजी क्लिनिक में एक कंसल्टेंट डर्मेटोलोजिस्ट डोक्टर एडम फ्रेडमन ने बताया कि यह वायरस आमतौर पर त्वचा से त्वचा के संपर्क होने से फैलता हैं. हालांकि, तौलियां शेयर करने से भी यह वायरस फैल सकता हैं. जिम में फैली गंदी लोन्ड्री से भी इसका संक्रमण हो सकता हैं. त्वचा रोग विशेषज्ञो ने वायरस के कारण त्वचा में होने वाले कुछ लक्षणो के बारे में भी जानकारी दी हैं. यदि शरीर पर किसी प्रकार के चकतें या मुंहासे निकल रहे हैं, तो सावधान हो जाए. खास तौर पर बगल और जननांगों के आस - पास यदि ऐसा होता है तो डोक्टर से तत्काल संपर्क करें. डो. फ्रेडमनने समझाया कि हालांकि इसका अभी कोई इलाज नहीं हैं. आपके शरीर की रोग प्रतिरोधक क्षमता ही इस वायरस के संक्रमण से आपके शरीर को बचा सकती हैं.

**- आज का आनंद , पुणे**

## ★ પુનર્જન્મ....૨ ★★★

### (૬) ત્રણ વર્ષનો બાળક મુન્નો શું કહે છે ?

**કનોજ :** અહીંના જાણીતા રહીશ શ્રીરામધીન પાંડેના ત્રણ વર્ષની વયના પુત્ર મુન્નાએ પોતાના પૂર્વજન્મની કહાણી કહીને તેનાં માતાપિતા અને પાડોશીઓને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા છે. તે કહે છે કે - 'અહી જન્મ લીધા પહેલાં હું જાતે વાણિયો હતો, અને મારું નામ ગ્યાસીલાલ હતું. મને બ્રાહ્મણો પર ખૂબ જ શ્રદ્ધા હોવાથી હું બ્રાહ્મણોને ભોજન કરાવતો. યજ્ઞ, દાન-પુણ્ય ઉપરાંત પૂજાપાઠ પણ કરતો હતો. મારી આ વૃત્તિ મારા નાનાભાઈને પસંદ ન હોવાથી મારા ઉપર તે ખૂબ ગુસ્સે રહેતો. એક દિવસ લાગ જોઈ તેણે મને દૂધમાં ઝેર ભેળવીને આપ્યું. હું મારા નાના ભાઈ પર અપાર પ્રેમ રાખતો. તે મારાથી ૧૫ વર્ષ નાનો હતો. તેની ઉંમર તે વખતે ૨૫ વર્ષ અને મારી ૪૦ વર્ષ હતી. ભાઈની ચાલબાજી મારા સમક્ષ ખુલ્લી થઈ ગઈ પણ તેના પર અપાર હેતના કારણે મેં પોતે આત્મહત્યા કરી છે એવું લખ્યું અને તેના પછી ત્રણ વર્ષ સુધી મારો આત્મા ભટકતો રહ્યો અને હવે તમારે ત્યાં આવ્યો છું.'



તેવી વાત સાંભળી બધા દંગ થઈ ગયા અને જ્યાં ગ્યાસીલાલ વાણિયાની દુકાન હતી ત્યાં તેને લઈ ગયા. ત્યાં આ બાળકે પોતાની એકએક વસ્તુ ઓળખી કાઢી હતી. પણ તેનો નાનાભાઈ તેને ગ્યાસીલાલ તરીકે સ્વીકારવા જરા પણ તૈયાર નથી. જ્યારે ઘરના તમામ લોકો કહે છે કે, આ બાળક ગયા જન્મનો ગ્યાસીલાલ જ છે કેમ કે, ગ્યાસીલાલની બાબતમાં ગુપ્તમાં ગુપ્ત વાતો તેને પૂછવામાં આવતાં તેણે તે બધી જણાવી હતી. બાળક પોતાના જૂના ઘરમાં રહેવા તૈયાર હોવા છતાં તેના આ જન્મનાં માતાપિતા તેને એક મિનિટ પણ છોડવા તૈયાર નથી. કેટલાક આગેવાનો અને વિદ્વાનો કનોજ આવ્યા છે, અને તેઓ આ બાળકની ઉલટ તપાસ લઈ રહ્યા છે. હજી સુધી બાળકનો એક શબ્દ પણ ખોટો થયો નથી. આ બાળક અત્યારે આખા કનોજમાં ચર્ચાના ખાસ કારણરૂપ બન્યો છે.

### (૭) ૨॥ વર્ષની બાળા વશકોર શું કહે છે ?

**જબલપુર :** અહીંના રહીશ શ્રી દલજીતસિંહને ત્યાં એક ખૂબ જ રૂપાળી અઢી વર્ષની પુત્રી છે. આ છોકરી ૪ ભાઈઓ પછી જન્મી હોવાથી આખા કુંટુંબમાં તે વધુ લાડકોડ પામે છે. થોડા દિવસ પહેલાં આ બાળકીનાં માતા, પિતા, ભાઈઓ, કાકા અને બીજાઓ સાથે જમવા બેઠા હતા. ત્યારે આ બાળકી જેનું વશકોર નામ છે તે એકાએક બોલી ઊઠી કે 'ઘણા દિવસો મારે ખોરાક વગર કાઢવા પડ્યા છે' તેનાં પિતા-માતા આશ્ચર્યચકિત થઈ પુત્રીનું મોઢું જોવા લાગ્યા.

બાળા તો જાણે વાર્તા કહેતી હોય તેમ તે બોલવા લાગી કે, પૂર્વજન્મમાં હું પટણાના સતના જિલ્લામાં રહેતી હતી. મારાં માતાપિતા શિક્ષિત હતાં. અને મને તેઓએ સારું શિક્ષણ અપાવ્યું.

કોલેજમાં મારી જ્ઞાતિના જ એક યુવકને હું ગમી ગઈ અને અમારા બંન્નેનાં લગ્ન થયાં ત્યારે મારું નામ આરતી હતું અને મારા પતિનું નામ દીનદયાળ હતું. તેઓ શિક્ષણ ક્ષેત્રે ખૂબ હોંશિયાર હોવાથી સારા વકીલ થયા. અમારું લગ્ન-જીવન ખૂબ જ સુખી હતું, પણ મારી સાસુને હું ગમતી ન હતી. તે દરેક રીતે મને હેરાન કરતી. એક દિવસ, ચાર વર્ષ પૂર્વે અમારા ઘર પાસે આવેલા તળાવમાં હું અને સાસુ સાથે સ્નાન કરવા ગયાં. સ્નાન કર્યા પછી કપડાં પહેરી હું ત્યાં ઊભી હતી ત્યારે મારી સાસુએ કહ્યું કે નીચે જો. મેં નીચે જોવાનો પ્રયાસ કર્યો ત્યાં સાસુએ મને ધક્કો માર્યો. મેં પડતાં પડતાં સહારો લેવા માટે સાસુને પકડી અને અમે બંને તળાવમાં પડ્યાં અને મૃત્યુ પામ્યાં. તે પછી હું તમારા ઘેર જન્મી છું.'

છોકરીની વાતો સાંભળી તમામ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. એ પછી તેઓ આ બાળા સાથે સતના ગયા. જ્યાં વશકોરે પૂર્વજન્મના પોતાનાં માતા પિતા, ભાઈઓ તથા પુત્રીને ઓળખી કાઢ્યાં હતાં. કન્યાના પૂર્વજન્મના પતિશ્રી દીનદયાલ; બાળાની વાતો સાંભળી રડવા લાગ્યા હતા. બાળાએ ઘરની બધી વાતો તેમને પૂછી હતી અને મારા મૃત્યુ પછી ઘરના શું હાલ થયા તેની વિગત માગી હતી. પૂર્વજન્મની વિગત બતાવનાર આ અઢી વર્ષની બાળાને જોવા માટે લોકો દૂર દૂરથી આવે છે.

## (૮) ૯ વર્ષનો રતનસિંહ શું કહે છે ?

**મથુરા :** બરસાના કસ્બાના ધનવાન ઠાકોર શ્રી વલ્લભસિંહનો નવ વર્ષનો પુત્ર રતનસિંહ પોતાના પૂર્વ જન્મની તમામ વાતો બતાવે છે. અત્યાર સુધી આ બાળકે મૌન પાળ્યું હતું. તે બોલતો ન હતો. શ્રી વલ્લભસિંહે અનેક પ્રકારના ઈલાજ કર્યા પણ બાળક બોલવા તૈયાર ન હતો. તેથી ડૉકટરોને બતાવવામાં આવતાં તેઓએ અભિપ્રાય આપ્યો હતો કે તેના જીભ કે ગળામાં કોઈ ખરાબી ન હોવા છતાં તે બોલતો નથી. તેનું કારણ કોઈ પ્રકારનો ભ્રમ અને વહેમ છે, તમે તેને દૂર દૂર પ્રવાસે લઈ જાવ તો વખત જતાં તે આપોઆપ બોલવા માંડશે.

શ્રી વલ્લભસિંહ તેને રાજસ્થાન, બંગાલ, આસામ, મદ્રાસ વગેરે પ્રદેશોની યાત્રા કરાવીને પછી તેઓ પંજાબ આવ્યા.અહીં આવતાંની સાથે જ બાળકના ચહેરા પર દીપ્તિ અને ઉત્સાહ પ્રકટ્યાં. તે તરત જ બોલી ઊઠ્યો કે હીસાર જિલ્લાના સાકોલી ગામમાં મારાં માતાપિતા અને પુત્રો રહે છે. તેમની સ્થિતિ કેવી છે, તે મારે જોવી છે. તેને બોલતો જોઈ તેના પિતા, નોકરો અને બીજાઓ આશ્ચર્યમાં મૂકાઈ ગયા. બાળકને વિસ્તારપૂર્વક પૂછવામાં આવતાં તેણે કહ્યું કે, સાકોલી ગામના દૂધના વેપારી કલ્લા આહીર અને માતા ચીરઉજીનો તે પુત્ર છે. તેઓ ખૂબ ધનવાન હોવાથી મને સારી રીતે ભણાવ્યો હતો. મારાં લગ્ન એક સુંદર છોકરી સાથે થયાં હતાં. તેનાથી મને ત્રણ પુત્રો થયા હતા. તે ત્રણે પુત્રો જીવતા છે. હું હઠ કરીને ૩૦ હજાર રૂપીઆ ભેગા કરી એક મોટરકાર ખરીદવા જતો હતો ત્યારે રસ્તામાં મને ગોળીથી ઠાર કરી મારા તમામ પૈસા ઝૂંટવી લેવામાં આવ્યા હતા. ત્યાર પછી હું તમારા ઘરે જન્મ્યો. હું પૂર્વજન્મના મારાં માતા પિતા અને પુત્રોને જોવા માગું છું. મારે કોઈ ભાઈ બહેન ન હતાં '



પુત્રના મોઢે આશ્ચર્યજનક હકીકત સાંભળીને ઠાકોર વલ્લભસિંહ વિધાનસભાના માજી સભ્ય શ્રીરામે હતસિંહ સાથે સાકોલી ગામે ગયા. ત્યાં તપાસ કરતાં બાળકે કહેલી વાતો અક્ષરશઃ સાચી સાબિત થઈ હતી. બાળકના પૂર્વજન્મનાં માતાપિતાને જોઈને બાળક આનંદિત થયો હતો, તેના હત્યારાને સજા થઈ ન હતી. પણ તે એક વર્ષની અંદર જ મરણ પામ્યો હતો. બાળકે પોતાની પત્ની, પુત્રો અને નોકરોને પણ ઓળખી લીધા હતા. અને બધાનાં નામ લઈને બોલાવ્યા હતા.

બાળકને ગુપ્તમાં ગુપ્ત વાતો કરતાં જોઈ તેના પૂર્વજન્મનાં માતાપિતા અને બીજા કુટુંબીઓ તથા અત્યારના પિતા શ્રી વલ્લભસિંહ ઠાકોર આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં હતાં. બાળકે પોતાના પૂર્વજન્મનાં માતા પિતા પાસે ચાર દિવસ રહેવાની ઈચ્છા વ્યક્ત કરતાં તેના પિતાએ માન્ય રાખી હતી.

## (૯) ૧૨ વર્ષનો કિશોર મુનેશ શું કહે છે ?

**દિલ્હી :** મૃત્યુ પછી પણ મનુષ્યનો આત્મા જીવતો રહે છે. તેના પ્રત્યક્ષ પુરાવા પૂર્વજન્મની વાતો કરનાર એક બાળકથી મળ્યા છે.

શ્રી રચેશસિંહનો ૧૨ વર્ષનો બાળક મુનેશ અત્યાર સુધી શાંત અને ગંભીર હતો, પણ એક દિવસ પિતાએ તેને મુનેશ કહીને બોલાવતાં બાળક કહેવા લાગ્યો, ''હું મુનેશ નહીં પણ 'ભજનસિંહ' છું. મારાં પત્ની - બાળકો ગ્વાલિયરમાં ખરાબ હાલતમાં રહે છે. ત્યાં મને લઈ ચાલો.''

તેની આ વાત સાંભળીને તેના પિતા કહેવા લાગ્યા : 'મુનેશ, તું ગાંડો થઈ ગયો છે કે શું ? તું શું બકે છે ? પણ તેણે પોતાની વાતનું રટણ ચાલુ રાખતાં તેના પિતા પરેશાન થઈ ગયા અને મિત્રો સાથે ચર્ચા કરતાં તેઓ આ બાળકને જોવા માટે આવ્યા. એમની સાથે બાળકે કરેલી વાતો સાંભળી તેઓ દંગ થઈ ગયા. આ બાળકના બાબતમાં રાજસ્થાન વિશ્વવિદ્યાલયના મનોવૈજ્ઞાનિકો તપાસ કરી રહ્યા છે. તેણે મનોવૈજ્ઞાનિકોને કહેલી વિગતોથી તેઓ પણ દંગ થઈ ગયા છે. તેણે મનોવૈજ્ઞાનિકોને પોતાના પૂર્વજીવનની કરેલી વાત મુજબ ગ્વાલિયરના અતરની ગામમાં એનું નિવાસસ્થાન છે. એનું નામ ભજનસિંહ હતું. તેની પત્ની અને બે બાળકો હતાં. અને બાળકોની દશા સારી નથી. એ ૪૦ વર્ષની ઉંમરે એક અકસ્માતમાં મરણ પામ્યો હતો.

મુનેશનાં માતા પિતા તેને લઈને અતરની ગામે ગયા હતા, જ્યાં બાળકે બતાવેલી તમામ વાતો અક્ષરશઃ સત્ય નીકળી હતી. તેની પૂર્વજન્મની પત્ની મુનેશને

જોઈને દંગ થઈ ગઈ. તેની છબી મૃત ભજનસિંહ જેવી છે. હા, તે રૂપાળો વધારે છે. મુનેશે પોતાની પત્ની અને બાળકોને કેટલીક વાતો પૂછી હતી, જેની ભજનલાલ સિવાય કોઈને ખબર ન હતી. એક વાણિયા પાસે ભજનલાલે પોતાના એક છોકરાને એક આનાના ચણા ઉધાર અપાવ્યા હતા. તે તારીખ અને દિવસ પણ તેને બરાબર યાદ હતાં. વાણિયાને તેની બાકી નીકળતો એક આનો આપતાં વાણિયો આશ્ચર્યચકિત થઈ ગયો હતો. તેણે બીજા સામાનની બાબતમાં કેટલાક પ્રશ્નો કર્યા હતાં. ભજનસિંહના ઓળખીતાઓના ઘરે મુનેશ ગયો હતો. અને ગંભીર પ્રશ્નો કર્યા હતા.મનોવિજ્ઞાનના નિષ્ણાત ડો.બેનરજી આ બાળક સાથે ફરી રહ્યા છે. આ બાળક માટેની હજી બીજી કેટલીક તપાસ થઈ રહી છે.

આ જન્મના માતાપિતાનો મુનેશ એકમાત્ર સંતાન હોવાથી તેઓ ખૂબ જ પરેશાન છે. વૈજ્ઞાનિકોના મત મુજબ બાળકને અતરની ગામમાં તેની પૂર્વજન્મની પત્ની અને બાળક પાસે રાખવામાં આવ્યો છે.અહીં મનોવૈજ્ઞાનિકો તેની ભાવના પર કેવી અસર થાય છે, તે જોઈ રહ્યા છે. હજી ૧૨ વર્ષનો આ બાળક પૂર્વજન્મની પત્ની અને બાળકો સાથે આનંદથી રહે છે. ૧૨ વર્ષનો કિશોર મોટાઓની જેમ જવાબદારીનું ભાન રાખે છે. પરંતુ તેનાં આ જન્મનાં માતાપિતા બાળકને પોતાની પાસે રાખવા માટે આગ્રહ કરે છે.

-જનશક્તિ તા.૨૨.૩.૬૪

## ★ કન્યાદાન ★★★

- શ્રીધર્મમિત્ર

જગતના કેટલાક વ્યવહારો અનાદિથી ચાલ્યા આવે છે. કેટલાક વ્યવહારોમાં સમયોચિત પરિવર્તન પણ આવે છે. તમામ વ્યવહારો પાછળ કારણો તો હોય જ છે. કેટલીક વાર એવું પણ જોવા મળે છે કે જ્ઞાતિ - જ્ઞાતિએ અલગ અલગ રિવાજ જોવા મળે તો કેટલીક જગ્યાએ રાજ્ય - રાજ્ય કે દેશ - દેશના ભિન્ન - ભિન્ન રીતિ-રિવાજો દૃષ્ટિગોચર થાય. અનાદિ કાળથી ચાલ્યા આવતા આ રિવાજોમાં મોટા ભાગે વ્યવહાર પ્રધાન હોય છે. કેટલાક નીતિ પ્રધાન તો કેટલાક ધર્મપ્રધાન હોય છે. નીતિના ઘડતર પાછળ અનુભવો પણ જવાબદાર મનાય છે. ઘણીવાર એવું પણ નજરમાં આવે છે કે કડવા મીઠા અનુભવોના આધારે પણ નીતિ અને નિયમો ઘડાય છે.



કન્યાદાનના વિષયમાં પણ દરેક કોમમાં નિયમો નક્કી થયેલા હોય છે. તે તે કોમ-જ્ઞાતિના અનુભવી આગેવાનો આ નિયમાવલી તૈયાર કરતા હોય છે. આવી નિયમાવલિમાં કાળબળે બદલાવ આવતો પણ જણાય છે. આ નીતિ-નિયમો પાછળ ઉદ્દેશ એવો હોય છે કે - નિયમોનું વ્યવસ્થિત પાલન થાય તો રગડા - ઝઘડા ન થાય. ક્લેશ - કલહનો પ્રસંગ ન આવે. ગાળા-ગાળી કે મારા-મારી જેવી ઘટનાઓ ન બને. વૈર-વિરોધની સ્થિતિ ઊભી ન થાય. કોર્ટ-કચેરી કરવાનો પ્રસંગ ઉપસ્થિત ન થાય. દુશ્મનાવટ ન સર્જાય. લગ્નગ્રંથિથી જોડાયેલા જીવો કે તેના પરિવારજનો દુઃખી ન થાય. (અલબત્ત, દુઃખ વિનાનો કોઈ જ સંબંધ નથી; આ વાતનો સ્વીકાર કોણ નથી કરતું ? તમામ સંબંધોમાં કાવા-દાવા, ખટરાગ, અસદ્ભાવ, ઈર્ષ્યા, રાગ-દ્વેષ, માન-અપમાન વગેરે ઘણું ઘણું હોય જ છે, આજેય જોવા મળે છે. પરંતુ એમાં જોડાયેલા સંબંધોમાં વારંવાર તોડ-જોડ ન થાય એવી ભાવના જરૂર હોય છે.)

કન્યાદાન કર્યા પછી વિશેષ પસ્તાવાનો પ્રસંગ ઊભો ન થાય તે માટે સંસ્કૃતનું નીતિવાક્ય કેટલીક દીવાદાંડીરૂપ વાતો જણાવે છે. કર્મના ઉદયથી વૈધવ્ય આવે એ વાત જુદી છે. પરંતુ જાણી-બૂઝીને તો એવી ક્રિયા ન જ થાય ને ? અલબત્ત, આ બધી જ વાતો નીતિશાસ્ત્રની છે. નીતિશાસ્ત્રની કેટલીક વાતો ધર્મશાસ્ત્રોમાંય જોવા મળે છે. હા, નીતિશાસ્ત્ર કરતાં ધર્મશાસ્ત્ર ઉપર છે, ચઢિયાતું છે. હાથે કરીને ખાડામાં ન જ પડાય ને ? તેથી જ અબૂઝ જીવોને કેટલુંક માર્ગદર્શન નીતિકારો આપતા હોય છે.

પહેલા નંબરમાં 'મૂર્ખ' પુરુષને કન્યા ન આપવી એમ જણાવ્યું છે. ધર્મશાસ્ત્રના કર્તા મહાપુરુષોને તો લગ્ન કરવા એ વાત જ માન્ય નથી. માનવજન્મ શ્રમણત્વ સ્વીકાર કરવા માટે હોવો જોઈએ. પરંતુ એ વાત વૈરાગ્યવગર શક્ય નથી. દરેક જીવોને વૈરાગ્ય જાગતોય નથી. રાગના રંગે રંગાયેલા જીવો; દુઃખથી ભરેલા સંસારમાંય કૂદકા મારવા તૈયાર થઈ જાય છે. એ કૂદકા મારતા જીવોને વધારે ન વાગે, તેની કાળજી લેવડાવાય છે, તેમ સંસારના ખાડામાં પડતા જીવો આર્ત-રૌદ્ર ધ્યાનના ભોગ ન બને તે માટે, સંક્લેશના ભાવમાં કે કાષાયિકભાવોમાં ન ચાલ્યા જાય, સમજીને પડ્યા હોય તો થોડીય સમાધિ જાળવી શકે તે માટે કંઈક સાવધાન બનાવવાના ઉદ્દેશથી ધર્મશાસ્ત્રોમાંય આ વાતો મૂકવામાં આવી છે.

મૂર્ખને કન્યા આપવાથી કન્યાના પક્ષે તો નુકશાન જ થાય. કન્યાના

પરિવારવાળા તો દુર્ધ્યાનની આગમાં જ ધકેલાયને ? કન્યાની જિંદગી પણ જોખમમાં આવી જાય. આ પ્રોબ્લેમ એવો છે કે માત્ર પૈસા ખર્ચવાથી સૉલ ન થાય. મૂર્ખ માનવને સમજાવવાથી પણ કામ ન પતે. કારણ, મૂરખને ક્યારેય સારી વાત, સાચી વાત પસંદ નથી હોતી. મૂરખને જ્ઞાન આપનારો પોતે જ હેરાન થાય, મૂરખનું બગડે કે ન બગડે પોતાનું તો બગડે જ. પોતાના જ્ઞાનની હાનિ થાય. મૂરખની સજ્ઝાયમાં પણ આ જ વાત જણાવી છે. માટે જ મૂરખને કન્યાદાન કરનારાને રાતાપાણીએ રોવાનો વારો જ આવે.

'નિર્ધન'ને કન્યા ન અપાય; આવું બીજા નંબરમાં જણાવે છે. નિર્ધનતાની પાછળ માત્ર પૈસા ન હોવા તે જ પરિબળ નથી. વિશેષ તો એ વિચારવાનું છે કે- એના પુણ્યમાં ખામી છે. પાપ ઉદયમાં આવ્યું છે. લાભાંતરાયકર્મનો ઉદય છે. કર્મગ્રંથની પરિભાષામાં આ રીતે વિચારણા થાય. સંસારના વ્યવહારથી વિચારણા કરવામાં આવે તો નિર્ધનતા એ તમામ ક્ષેત્રે દુ:ખસર્જક છે. નિર્ધન વ્યક્તિને કોઈ માન-પાન તો ન જ આપે પરંતુ ડગલે ને પગલે અપમાન વેઠવાનો જ પ્રસંગ ઊભો થાય. નિર્ધન માનવને દરેક કાર્યમાં મુશ્કેલી સર્જાય છે. ખાવા-પીવા-રહેવા-પહેરવા-ઓઢવા-હરવા-ફરવા-વ્યવહાર કરવા-ઘરમાં શુભપ્રસંગ કે માંદગી વગેરે આવે ત્યારે તે વ્યક્તિ જ નહિ, તેનો સંપૂર્ણ પરિવાર દુ:ખી થાય છે. શારીરિક-આર્થિક-વ્યાવહારિક-સામાજિક-ધાર્મિક-શૈક્ષણિક-માનસિક....હરેક ક્ષેત્રે આધિ-ઉપાધિના ડુંગરો જ તેના ઉપર ખડકાય છે.....આવી વ્યક્તિને પોતાની દીકરીનું દાન કરવામાં આવે તો શી દશા થાય ?

(વધુ આવતા અંકમાં)

## ★ અનુમોદનાનું અમૃત ★★★

- સંકલન

પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણાનો; પૂનાના ચાતુર્માસબાદ વિહાર થયો. પ્રથમ મુકામ ફાતિમાનગર થયો. ત્યાં બે દિવસની સ્થિરતા થઈ. માગસર સુદ ૫ ના દિવસે શ્રીમનમોહનપાર્શ્વનાથ જિનાલય ભવાની પેઠની સાલગીરી હોવાથી, ત્યાંના સંઘના આગ્રહથી નિશ્રાપ્રદાન કરી. માગ. સુ. ૬ ના રોજ પૂનાથી વિહાર કર્યો. માગ. સુ. ૮ શનિવારે ધુલિયાવાળા સંજયભાઈ ભટેવરાના દવાના ગોડાઉન - વડકીમાં રોકાયા. સાંજે વડકીનાળા



પધાર્યા. મા.સુ.પ્રથમ ૯ રવિવારે સાસવડ પધાર્યા. બીજી ૯ ના ભોંગણેમળા દિવસે સ્થિરતા કરી રાત્રિ સંથારો જેજુરીમાં કર્યો. સુ.૧૦ તા.૧૮-૧૨-૨૦૧૮ મંગળવારે વાલ્હા પધાર્યા. સુ. ૧૧+૧૨ બુધવારે નિરા, સુ-૧૩ લોણંદ, સુ.૧૪ સાલ્પા, સુ.૧૫ દેઉર, વ.૧ રવિ સાતારારોડ, વ.૨ કોરેગામ, વ.૩ રહિમતપુર, વ.૪ વાઠાર, વ.૫+૬ હેળગામમાં પૂ.આ.શ્રી મિત્રાનંદસૂરીશ્વર આરાધનાભવનમાં સ્થિરતા કરી. વ.૭ શુક્રવારે સામૈયા સાથે મસૂરમાં પ્રવેશ કર્યો. રસ્તામાં બે-ત્રણવાર વિનંતિ આવતાં પોષદશમી મસૂર કરવાની નક્કી થઈ. પ્રથમવાર ચતુર્વિધ સંઘની નિશ્રા - ઉપસ્થિતિમાં પોષ દશમીની આરાધના થઈ. અઠ્ઠમની પ્રેરણા કરતાં લગભગ ૨૬-૨૭ અઠ્ઠમ થયા ! પારણાં સંઘમાં જ કરાવાયાં. તેનો લાભ શ્રીસંઘના ભાગ્યશાળીઓ તથા પૂ.મુ.શ્રીનીતિશેખર વિ.મ.ની સંસારી દીકરી નીતાબેન હેમેન્દ્રભાઈ એ લીધો. પ્રભાવનાની ટીપ થઈ. દરેકને રૂા.૫૦૦-૫૦૦ ની પ્રભાવના અપાઈ ! ગામના ઘણા ભાગ્યશાળીઓએ તો જીવનમાં પ્રથમવાર જ અઠ્ઠમ કર્યો હતો. એમાં નાના ૧૦ બાળક - બાલિકાઓને વિશેષ પ્રોત્સાહન માટે ૩૦૦ - ૩૦૦ રૂ. વધારાના અપાયા ! આ લાભ વ્યક્તિગત બે ભાગ્યશાળીઓએ લીધો હતો. બુધવારે પારણાં થયાં. ગુરુવારે બપોરે વિહાર થયો. લગભગ ૪૫-૫૦ જણા વળાવવા માટે સહ્યાદ્રિ સ્કૂલ સુધી આવ્યા હતા. તેમની ચઉવિહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્કૂલમાં રાત્રિ સ્થિરતા કરી વ.૧૪ ના અભિનંદન જિનાલયથી સામૈયા સાથે કરાડમાં પ્રવેશ થયો. પ્રવેશબાદ તરત જ પ્રવચન થયું. ૦)) પાંચવડફાટા-ધર્મજિત આરાધના ભવનમાં સ્થિરતા થઈ. પો.સુ. પ્રથમ એકમે કાસેગાંવ, બીજી એકમે સામૈયા સાથે ઈસ્લામપુર પધાર્યા. પ્રવચન થયું. સુ.૨ નેરલા, સાંજે કામેરી, સુ.૩ તાંદુલવાડી થઈ સુ.૪ સામૈયા સાથે વડગાંવ (પેઠ) પધાર્યા. ત્યાં પણ પ્રવચન થયું. દરેક ઠેકાણે વધુ સ્થિરતા માટે આગ્રહ થયો. સુ.૫ તા.૧૧-૧-૧૯ ના રોજ કુંભોજગિરિ તીર્થે પધાર્યા. તા.૧૫ સુધી સ્થિરતા કરી. ત્યાંથી હવે કોલ્હાપુર, નિપાણી, ઈચલકરંજી, સાંગલી વગેરે સ્થળોની વિનંતી હોવાથી ત્યાં વિચરણ થશે. મહારાષ્ટ્રમાં સાધુ-સાધ્વીજીની આવશ્યકતા વધુ છે. લોકોને ભૂખ પણ છે. જ્ઞાનની જરૂરિયાત પણ છે. લાભનું કારણ છે. આગળ દક્ષિણમાં પણ ઘણી આવશ્યકતા જણાય છે. લાભાલાભ - વિશેષ લાભનો વિચાર કરીને આગળનો નિર્ણય થશે. ધ

# પાંચ નિયમો

**नाऽदंसणिस्स नाणं, नाणेन विणा न होंति चरणगुणा ।**

**अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमुखस्स निव्वाणं ।।**

સમ્યગ્દર્શન રહિત જીવને સમ્યગ્જ્ઞાન નથી. એવા જ્ઞાન વિના ચારિત્રના ગુણો સંભવિત નથી. ગુણરહિત આત્માનો મોક્ષ નથી અને મોક્ષ - મુક્તિ વગર નિર્વાણ નથી.